શિવરાત્રીના મેળામાં સાધુ-સંતો-ભક્તોની સંગાથે શિવભક્તિ-આરાધના કરતાં.

આઠ દિવસ ચાલતાં આ શિવરાત્રીના મેળામાં સાધુ-સંતો, ભુખ્યા-દુઃખ્યાઓને જોઇને તેમનું હૃદય દ્રવી ઉઠતું. આથી તેણે અન્નક્ષેત્ર-સદાવ્રત ખોલી ત્યાં બેસી અને નાતજાતના ભેદભાવ વગર હજારો લોકોને શિવરાત્રી મેળા દરમ્યાન ભોજન કરાવવા લાગ્યા. અને આમ, ગિરનારની ગિરીકંદરાઓમાં જેમ વેલનાથનું નામ 'જયનાદ ઘોષ' સાથે લેવાતુ તેમ ગિરનારના ભરાતા શિવરાત્રીના મેળામાં લાલબાપુની જયનાદના પડઘા ગુંજતા. લાલબાપુ આબુમાં છ વર્ષ સાધના, તપ અને એકાંતવાસનો પૂર્ણ અનુભવ કર્યા પછી બાબરા પાછા આવ્યા અને તેણે સફેદ ઝભ્ભો-ધોતી પહેરી, ગળામાં તુલસીની માળા પહેરી અને હાથમાં કમંડળ ધારણ કર્યુ. આ સમયે બાબરાનાં અને થોરાળાનાં ભંગી સમાજે તેમનું ભવ્ય સ્વાગત કર્યુ અને લાલબાપુ હરિજનવાસમાં જઇ ભજન-કિર્તન કરવા લાગ્યા. એટલે બાબરા ગામનાં અનેક લોકો તેમનો તિરસ્કાર કરવા લાગ્યા અને તેમનાં પિતાને કટુવચન કહેવા માંડ્યા. પિતા જગજીવનદાસે આ સાંભળી તેમણે હરિને કહ્યુ કે, બેટા તુ ભંગી સમાજમાં જઇ ભજન-કિર્તન કરે છે તેને કારણે અમારે ઘણું સહન કરવું પડે છે. તારા ભાઇ-બહેનો હજુ કુંવારા છે તેમના વેવિશાળ કોણ કરશે ? ત્યારે લાલબાપુએ કહ્યુ કે, મારા લીધે જગત અને સમાજ જો તમારો તિરસ્કાર કરતો હોય અને તમારે ગામ છોડવુ પડે એવી નોબત આવતી હોય તો હું નડતરરૂપ થવા માંગતો નથી, એમ કહી તેણે બાબરા ગામનો ત્યાગ કર્યો અને ઇ.સ. ૧૯૪૨માં લાલબાપુ રાજકોટ પાસેના થોરાળા ગામે આવ્યા અને ત્યાં આસન જમાવ્યું અને ત્યાં તેણે ભજન-કિર્તનનો સત્સંગ શરૂ કર્યો અને તેમણે ઉપાસનાની અનેક પદ્ધતિઓ અપનાવી અને ભંગી સમાજની બહેનોએ રાંધેલા ભોજનીયા ભગવાને મોકલેલ પ્રસાદ સમજી આરોગવા લાગ્યા. લાલબાપુએ દત્તાત્રેયની જેમ ઘણા ગુરૂ બનાવ્યા અને જુદી-જુદી ઉપાસના પદ્ધતિઓ પણ અજમાવી પરંતુ તેમનું મન રામદેવપીરમાં ઠર્યુ. કારણ કે, તેઓ નાના હતા ત્યારથી બાબરા પાસે આવેલ કોટડા (પીઠા) ગામે ભંગીવાસમાં બીજ અને પૂનમના દિને રામાપીરનાં ચાલતા ભજન-કિર્તનમાં જતાં, અને કુંડલા પાસેના બાઢડા ગામે પણ રામબાપા ગોદડીયાનો આશ્રમ છે ત્યાં પણ તેઓ અવાર-નવાર જતાં.

આમ, એ સમયમાં અસ્પૃશ્ય ગણાતી જાતિઓની સાથે તેમને ભાવાત્મક સંબંધ પહેલેથી જ હતો અને આ જાતિઓ રામદેવપીરને ઇષ્ટ તરીકે માનતી. અને રામદેવજીએ નર-નારીનાં નિજાર પંથને ઉજાગર કર્યો. રામદેવજી મહારાજે પોતાના જીવન દરમ્યાન સત્યબોધ અને વચન દ્વારા મહાધર્મ નિજારને વરેલા અસ્પૃશ્ય, જતિ, સતિ, જોગી, સંતો-ભક્તોને સત્યઉપદેશથી પરધામની પ્રાપ્તિ માટેની સમજણ આપી હતી અને રામદેવપીરની પરંપરાનો એક ગુણ અઢારેય વરણ એક આસને જમે અને ધર્મ આરાધના કરે. આથી, લાલબાપુએ રામદેવજી મહારાજને ગુરૂ ધાર્યા એટલે જ લાલબાપુની જગ્યાઓમાં અખંડ અલખ નકલંક જ્યોત પ્રકાશી રહી છે, અને રામદેવજી મહારાજના મંદિરોમાં અને લીલા નેજા ફરકી રહ્યા છે અને આ સ્થાને ભોજન અને ભજન અને જ્યોત પાઠ - ઉપાસના ચાલી રહેલ છે. લાલબાપુ ગુજરાત, કચ્છ, સૌરાષ્ટ્રના અનેક ગામોમાં ફર્યા. ઘણાને ઉપદેશો આપ્યા, વ્યસનો છોડાવ્યા, સેંકડો-હજારો તેમના શિષ્યો થયા. ગુજરાતમાં તેમની અનેક સ્થળોએ ગાદીઓ સ્થપાઇ. તેમની પહેલી મુળ ગાદી નવા થોરાળા - રાજકોટમાં આવેલી છે અને તે પણ 'કસ્તુરબા હરિજનવાસ'માં. આ ગાદીની સ્થાપના પછી અમદાવાદથી થોડે દૂર હાથીજણ મુકામે લાલબાપુનાં એક ધર્મપ્રેમી ભક્તે જમીન દાનમાં આપતાં. આ સ્થાને અમરધામ આશ્રમનું સંવત ૨૦૨૯નાં ગુરુપુર્ણિમાને દિવસે ખાતમુહુર્ત થયું અને લાલબાપુની કલ્પના પ્રમાણે ટુંકાગાળામાં ગુરૂગાદી અતિથિગૃહ દવાખાનું, ગૌશાળા, ભોજનાલય, અશ્વશાળા, ગેબી સત્સંગ ભવન, વિશ્રામ કુટિરો વિગેરેનું નિર્માણ કરી વિશાળ અમરધામનુ સર્જન કરાયું.

અમરધામની બાજુમાં શ્રી ગેબેશ્વર મહાદેવનું મંદિર આવેલુ છે ત્યાં એક ગેબીવડ આવેલુ છે ત્યાં ગેબીધુણા સાથેનું સમાધિ સ્થાન છે. આ ભૂમિમાં લાલબાપુએ ૧૨ વર્ષ તપ કર્યુ હતુ. જૂનાગઢ, ભવનાથ ગિરનાર તળેટીમાં પ્રેરણાધામ આશ્રમ આવેલો છે. આ સ્થાને લાલબાપુ શિવરાત્રી દરમ્યાન આઠ-દસ દિવસ સાધુ-સંતો-ભક્તોનો સત્સંગ યોજતા અને શિવભક્તિ કરતા અને રાવટી નાખી અન્નક્ષેત્ર ચલાવતા હતા. તે જગ્યાએ ઇ.સ. ૧૯૮૫માં આ જમીન ખરીદી ત્યાં ભવ્ય આશ્રમ ઉભો કરાયો છે. સુરતથી થોડે દૂર જહાંગીરપુરા ગામે તાપી નદી કિનારે રામમઢી આશ્રમ લાલબાપુની દેખરેખ હેઠળ આશ્રમ બંધાયો છે. અમદાવાદ-ગાંધીનગર હાઇવે ઉપરથી આંબલી ગામની પાસે ગોરાધુમા ગામે પણ એક આશ્રમ આવેલો છે તેમજ જૂનાગઢનાં મેંદરડા ગામે પણ લાલબાપુનો આશ્રમ ચાલે છે. લાલબાપુને મન સૌથી શ્રેષ્ઠ ગુરૂભક્તિ છે. તેઓ કહેતા કે, તમારી જાતને ગુરૂજીને ચરણે ધરી દો. તેઓ કહેતા કે, મારે મન ગુરૂ ગેબીરામથી મોટુ બીજુ કોઇ નથી. ધર્મ વિશે તેઓ કહેતા કે, મન, વચન અને કર્મથી સત્યનું પાલન કરવું અને મારો પંથ-સંપ્રદાય જ ઉંચો અને બીજા સંપ્રદાયો નીચા, એ માન્યતા ખોટી છે. કોઇની નિંદા ન કરવી કે, ખંડન ન કરવું. દરેક દેવ પરમચેતનના અંશો છે. પાટ ઉપાસના એ મુળે જ્યોત આરાધના છે. જ્યોત એટલે બ્રહ્મનું કિરણ. આ જ્યોત ઉપાસના સાથે નામ સ્મરણ છે, જે ગામ ગુરૂમુખી - ગુરૂમંત્ર છે તેમાં સંપૂર્ણ શ્રદ્ધા અને વિશ્વાસ હોવો જોઇએ.

આવા સંત શ્રી લાલબાપુએ સાત હજાર જેટલા ભજનોની રચના કરી છે તેમાના કેટલાક ભજનોના પુસ્તકો પણ પ્રકાશિત થયા છે. આવા સંત શ્રી લાલબાપુનાં પ્રયાણનો પ્રસંગ પણ એવો જ દિવ્ય હતો, અને તા. ૧૦/જુલાઇ-૨૦૦૧નાં રાત્રીએ ભજનની રમઝટ ચાલતી હતી અને લાલબાપુ ભજન-કિર્તનમાં લીન હતા અને આમ, રામદેવજીનાં ભજન-કિર્તન કરતાં કરતાં રાત્રે ૧૦=૩૦ કલાકે લાલબાપુએ પોતાની જીવનલીલા સંકેલી લીધી અને તા. ૧૧/૭/૨૦૦૧નાં રોજ સાંજે ૫=૦૦ કલાકે હજારો શિષ્યો, ભક્તો, સાધુ-સંતો અને શ્રદ્ધાળુઓની હાજરીમાં તેમને સમાધિ આપવામાં આવી.

# ગૌસેવક શ્રી મોરારજીભાઈ અને શ્યામજીભગત

ભગવાન શ્રીકૃષ્ણની જેમ ગાયોમાં જેમને અખિલ બ્રહ્માંડનાં કર્તા-હર્તા દેખાતાં હતાં અને ગૌસેવક એવા મોરારજીભાઇનો જન્મ પોરબંદરનાં વતની રણછોડભાઇને ત્યાં ઇ.સ. ૧૮૩૬માં થયો હતો. શ્રી મોરારજીભાઇએ જીવનમાં ગૌસેવાને એક વ્રત તરીકે સ્વિકાર્યુ હતું. પિતા રણછોડભાઇ વેપારી વ્યવસાય અર્થે મુંબઇ ગયા અને ત્યાંથી કલકત્તા ગયા હતાં અને ત્યાં રણછોડભાઇએ રૂપિયા પાત્રીસના પગારે નોકરી શરૂ કરી હતી. મોરારજીભાઇના દાદા પરમાણંદબાપા પણ ભલાભોળા હતાં અને પોરબંદરમાં 'પરમાણંદ જે હરિ'નાં નામે લોકોમાં પ્રસિદ્ધ હતાં. મોરારજીભાઇનું

સૌજન્ય : 'વિશ્વ લોહાણા પરિષદ', તંત્રી : શ્રી બાબુભાઇ કાનાબાર, જૂનાગઢ (ગુજરાત) મો. : ૯૯૨૪૨ ૬૦૧૪૬